# શ્રી મહાવીર પંચકલ્યાણક પૂજા

## **શ્રી દીક્ષા  કલ્યાણક પૂજા પ્રારંભ**

નમોર્હતસિદ્ધાચાર્યોપાધ્યાય સર્વસાધુભ્યઃ |

દુહા

જન્મોત્સવ લાવી ઉષા, સિદ્ધારથને ધામ

બંધ છૂટ્યા હરખી પ્રજા, નાસે દુઃખ તમામ  |

દશ દિન ઓચ્છવ બારમે, દિને કરે, નામાભિધાન

સુખસંપદ વૃદ્ધી થતા, ધારે નામ વર્ધમાન |

## ઢાળ

(રાગ: આવો આવો દેવ મારા સુના સુના દ્વાર)

આવો આવો દેવ મારા સૂના સૂના દ્વાર, મારા આંગણાં સૂના (૨)

ત્રિશલાજીનો લાડકવાયો, સીદ્ધારથનો નંદ, પ્રગટ્યો દુનિયાનો દીવો (૨)

સકલ સુઅંગ સુગંધિત સુંદર, વર્ધમાન સુકુમાર

વર્ણ સુવર્ણ વળી સિંહ લંછન (૨), વદન કાંતિ મનોહાર

પ્રગટ્યો દુનિયાનો દીવો

શ્વેત રક્ત યુત નિર્મલ કાયા, સુગંધિત શ્વાસોશ્વાસ

ત્રણ જ્ઞાનનો જ્ઞાતા જન્મે (૨), પૂરે મનની આશ

પ્રગટ્યો દુનિયાનો દીવો

ઇન્દ્ર સભામાં પ્રભુના બળના, ભક્તિથી ગુણ ગાય

શંકા કરતો દેવ મિથ્યાત્વી (૨), આવ્યો અવની માંહ્ય

પ્રગટ્યો દુનિયાનો દીવો

આમલકી ક્રીડા ખેલે જિનજી,  નિજ નિજ બાળક સંગે

સર્પ બની વૃક્ષે વીંટળાયો (૨), સુર પણ તેજ પ્રસંગે

પ્રગટ્યો દુનિયાનો દીવો

(ચગાવવું)

સર્પ ફુંફાડે બાળક ભાગ્યા, પ્રભ ભયભીત ન થાવે

કરમાં ઝાલીને દુર ફેંક્યો (૨), ભીતી સકળ શમાવે

પ્રગટ્યો દુનિયાનો દીવો

ત્રિશલાજીનો લાડકવાયો, સીદ્ધારથનો નંદ, પ્રગટ્યો દુનિયાનો દીવો

આવો આવો દેવ મારા સૂના સૂના દ્વાર, મારા આંગણાં સૂના (૨)

અમી ભરેલી નજરું રાખો (૨), મહાવીર શ્રી ભગવાન રે

દર્શન આપો દુઃખડા કાપો (૨), મહાવીર શ્રી ભગવાન રે

પ્રભુને પૃષ્ઠ પરે લઈ સુર તે, સાત તાલ રૂપ ધારે રે

વજ્ર મુષ્ટિનો પ્રહાર દઈને, શંકા તેની નિવારે રે

અમી ભરેલી નજરું રાખો, મહાવીર શ્રી ભગવાન રે

મહાવીર નામ દઈને સુર તે, ચાલ્યો શિષ નામી રે

અભય અતુલ બળના ધરનારા, કોઈ શકે ના ફાવી રે

અમી ભરેલી નજરું રાખો, મહાવીર શ્રી ભગવાન રે

વીર વિભુને ભણવા મુકિયા, આઠમે વર્ષે નિશાળે રે

જિનેન્દ્રવ્યાકરણ પ્રગટ્યું ત્યારે, ગુરુનાં શંશય ટાળે રે

અમી ભરેલી નજરું રાખો, મહાવીર શ્રી ભગવાન રે

સુદર્શના નામે છે ભગિની, નંદિવર્ધન ભાઈ રે

યૌવન વયમાં વીરજી પરણ્યા, યશોમતી સુખદાઈ રે

અમી ભરેલી નજરું રાખો, મહાવીર શ્રી ભગવાન રે

માત પિતા સ્વર્ગે સિધાવ્યા, અઠ્ઠાવીસમે વરસે રે

યશોભદ્રના સ્વામી સંયમ, લેવા કાજે તલસે રે

અમી ભરેલી નજરું રાખો, મહાવીર શ્રી ભગવાન રે (૨)

દુહા

સંયમ કાજે સંમતિ, વડીલ ભ્રાતની ચ્હાય

દોય વરસ થોભી જવા, વિનવે પ્રભુને ત્યાંય

વડીલ વચન હૈયે ધરી, થોભ્યા જગદાધાર

બ્રહ્મચર્ય પાળે વલી, કરે પ્રાસુક આહાર

## ઢાળ

સંયમ રસિયા રહી શુભ ધ્યાને, દોય વરસ વિતાવે રે (૨)

અવધ થયે લોકાંતિક દેવો, વિનવે પ્રભુને ભાવે રે

સંયમ રસિયા રહી શુભ ધ્યાને, દોય વરસ વિતાવે રે

જય જય નંદા, જય જય ભદ્દા, ધર્મ તીરથ તુમે થાપો રે

બુઝો બુઝો હે ત્રિભવન નાયક, જગજનનાં દુઃખ કાપો રે

સંયમ રસિયા રહી શુભ ધ્યાને, દોય વરસ વિતાવે રે

સંયમ અવસર જાણી જિનજી, દેતા વરસીદાન રે

એક ક્રોડ અડ લખ સોનૈયા, પ્રતિદિન દે વર્ધમાન રે

સંયમ રસિયા રહી શુભ ધ્યાને, દોય વરસ વિતાવે રે

એમ સંવત્સર દાન દીયે પ્રભુ, હરિ સહુ ધન ઉપજાવે રે

જિનવર હાથે દાન ગ્રહે જે, પીડા રહિત તે થાવે રે

સંયમ રસિયા રહી શુભ ધ્યાને, દોય વરસ વિતાવે રે

સંમતિ પામી દીક્ષા કાજે, વીરજી તત્પર થાયે રે

ચોસઠ ઇન્દ્રો દેવ દેવી સહુ, ક્ષત્રિયકુંડે જાયે રે

સંયમ રસિયા રહી શુભ ધ્યાને, દોય વરસ વિતાવે રે

. .

રંગાઈ જાને રંગમાં, તું રંગાઈ જાને રંગમાં

મહાવીર પ્રભુના રંગમાં, અરિહંત કેરા સંગમા

રંગાઈ જાને રંગમાં, તું રંગાઈ જાને રંગમાં

કનક મણિના કલશ અનુપમ

તીરથ જળ ભરી લાવે રે, પ્રભુ તીરથ જળ ભરી લાવે

પ્રેમ કરી પ્રભુને નવરાવી (૨), શણગાર સજાવે રે

રંગાઈ જાને રંગમાં, તું રંગાઈ જાને રંગમાં

ચંદ્રપ્રભા શિબિકા અતિ સુંદર,

સિંહાસન પધરાવ્યા રે, પ્રભુ સિંહાસન પધરાવ્યા

સૂર ઉપાડે મંગલ ગાવે (૨), કુસુમે નાથ વધાવે રે

રંગાઈ જાને રંગમાં, તું રંગાઈ જાને રંગમાં

દુંદુભી વાજે જય જય ગાજે,

આવ્યા જ્ઞાત ઉદ્યાને રે, પ્રભુ આવ્યા જ્ઞાત ઉદ્યાને

પ્રભુ મુખ પદ્મ નિહાળી જન સહુ (૨), ધન ધન જીવ માને રે

રંગાઈ જાને રંગમાં, તું રંગાઈ જાને રંગમાં

શુભ મુહૂર્તે અશોક નીચે,

આભૂષણ સવિ ત્યાગે રે, પ્રભુ આભૂષણ સવિ ત્યાગે

લોચ કરે નમી સિદ્ધ ધરે વ્રત (૨), મનઃપર્યવ જ્ઞાન જાગે રે

રંગાઈ જાને રંગમાં, તું રંગાઈ જાને રંગમાં

ઇન્દ્ર પ્રભુને ડાબે ખંધે,

દેવ દુષ્ય પધરાવે રે, પ્રભુ દેવ દુષ્ય પધરાવે રે

વંદન કરી નંદીશ્વર જઈ સૂર (૨), નિજ નિજ સ્થાનક જાવે રે

રંગાઈ જાને રંગમાં, તું રંગાઈ જાને રંગમાં

(ચગાવવું)



છોડી સહુ સંસાર સંબંધી,

વીર બન્યા અણગારી રે, પ્રભુ વીર બન્યા અણગારી

વીતરાગી વીર ચરણે વંદન (૨), યશોભદ્ર સુખકારી રે

રંગાઈ જાને રંગમાં, તું રંગાઈ જાને રંગમાં (૨)

મહાવીર પ્રભુના રંગમાં, અરિહંત કેરા સંગમા

રંગાઈ જાને રંગમાં, તું રંગાઈ જાને રંગમાં

કાવ્યમ

જસ્સાવયારે તહ જમ્મણમ્મિ, ચરિત્તનાણે સિવસુકખકાલે |

મહંકરેજ્જાડસુરસુરઈંદા, જએઉસોવીર-જિણિન્દનાહો ||

મંત્ર:

ૐ હ્રીં શ્રીં પરમપુરૂષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય,

શ્રીમતે જીનેન્દ્રાય, જલમ, ચંદનમ, પુષ્પમ, ધૂપમ,

દીપમ, અક્ષતમ, નૈવેધ્યમ, ફલમ, યજામહે સ્વાહા ||



૨૭ ડંકા

શ્રી દીક્ષા કલ્યાણકે તૃતીય પૂજા સમાપ્ત